શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ




મે-જુન-જુલાઈ-૨૦૨૧ અંક-૩ વર્ષ : ૫૭ સળંગ અંક : ૪૮૩
માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi navyug Email on pancholinavyug@gmail.c
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક
### નવમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. જેકોરબેન વિઠલદાસ પંચોલી**

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ધદ્રષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દતશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

**અર્પણકર્તા**

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર **2012-2032**

## નવયુગ શુભેચ્છક
### નવમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી**

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી એલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....' એજ અમારી
પ્રાર્થના

**અર્પણકર્તા**

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના - ભિઉ કિશિવ કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી
હિયાંશ અક્ષર ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

**2012-2032**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## મે-જુન-જુલાઈ-૨૦૨૧

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઑટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો..
સૌ કુશળ હશો....
તંત્રી નોંધ શું લખુ ? શબ્દો નથી, પરિસ્થિતિ જ એવી છે...આ કોરોના કાળે આપણને ન જોવાનું બતાવ્યું.. પરિસ્થિતી એવી કરુણ બનાવી કે કોઇના માતા-પિતા ગયા અને નાના બાળકો રહ્યાં, કોઇના છોકરા-વહુ ગયા અને ફકત ઘરમાં વૃધ્ધો રહી ગયા, તો કોઇ ફકત નાના બાળકો જ રહ્યા.. કોઇના ઘડપણની લાકડી છીનવાય તો કોઇનો સહારો...અત્ર-તત્ર-સર્વત્ર રૂદન...રૂદન...રૂદન..
આ સમય આ સમયે એક વિનમ્ર શ્રધ્ધાંજલી
શું લખીને અંજલી આપું ?
શું લખીને મારી લાગણી અનુભવુ ?
શું લખીને મારો રોષ ઠાલવું ?
શું લખીને મારી પીડા સમાવું ?
શું લખીને મારું વ્હાલ દર્શાવું ?
શું લખીને હું મને જ છેતરું ?
ખરેખર શબ્દો જ નથી.....

પરમ કૃપાળુ ઇશ્વરને હ્રદયપૂર્વક પ્રાર્થના કરું કે કોરોનામાં જીવ ગુમાવનારા સર્વે જ્ઞાતિજનો આત્મા શાંતિ આપે અને તેમના પરિવારજનોને કારમો ઘા સહન કરવાની શકિત આપે......

ૐ શાંતિ....ૐ શાંતિ.... ૐ શાંતિ.....

સુરત પાટીદાર સમાજ કેવુ પડે...!! કોરોનાની બીજી લહેર ખતરનાક બનતી જતી હતી, જયાં જુઓ તો કોરોનાનો કહેર...પરિસ્થિતિ બેકાબુ, દવાની તંગી, ઓકસીજનની રાડારાડ, દરેક હોસ્પિટલ ફુલ, સ્મશાનમાં પણ વેઇટીંગ..આ પરિસ્થિતિ યાદ આવતા હૈયુ કંપી જાય.. એવી પરિસ્થિતિમાં પોતાના ગામડાની જનતા માટે 'વતની વ્હારે' સૌ ગયા અને જન સેવા એજ પ્રભુ સેવા કરી આત્મ સંતોષ લીધો.....

આપણો પંચોલી સમાજ પણ પાછળ પડે એવો નથી.... સમાજમાં જ્ઞાતિજન પર આફત આવી કે માંદગી આવી કે

કુદરતી આફત આવી મહામંડળ આ પરિસ્થિતિની પહોંચી વળવા એક જ અપીલ કરે અને દાનનો પ્રવાહ નહીં ધોધ વહેવા માંડે....હમણાંજ એક જ્ઞાતિજનને બ્રેઈન ટ્યુમરનું ઓપરેશન માટે સહાયની જરૂર પડતા એક જ અપીલ અને માંગેલ ટારગેટ કરતા પણ વધુ રકમ દાનમાં તો મળી પણ સામેથી દાન લેવા માટે ના કહેવી પડી... અને એ પણ ફક્ત દોઢ દિવસના ટુકા સમયમાં... છે ને પંચોલી સમાજના જ્ઞાતિજનોમાં સંપ, સૃહૃદભાવ અને..એકતા..

એક કહેવત છે જાન બચી તો લાખો પાયા..... આપણે આપણી જ જાન બચાવવાની છે....આ આવતી કોરોનાની ત્રીજી લહેરથી... અને છેલ્લા દોઢ વર્ષથી આપણને અનુભવો પણ થઇ ગયા... કે કોરોનાથી બચવા શુ કરવુ ? કેટલી સાવચેતી રાખવી ? પેપર, સમાચાર કે ટેલીફોનની વારંવાર ચેતવણી.... છતાં ખબર નથી આપણા સુધી પહોંચે છે કે નથી ? આપણે એ સાવચેતીમાં પાછા પડીએ છીએ... અને એના પરિણામો ભોગવવા પડે છે...

આપણે હવે સજાગ બની જઇએ...સરકારશ્રીના નિયમોનું અક્ષર સહ પાલન કરીએ, માસ્ક અવશ્ય પહેરીએ.. બે વ્યકિત વચ્ચે ડિસ્ટન રાખીએ, બહારથી ઘરે આવ્યા પછી સ્નાન કે હાથપગ બરાબર ધોઇએ,...કામ વગર બહાર પણ ન જઇએ.. વિચારો પોઝેટીવ રાખીએ... ટીવી સમાચારોથી પણ દૂર રહીએ.. એકબીજાથી પણ દૂર રહીએ અને કોરોનાથી પણ દૂર રહીએ...

જો તમે એક વિશાળ વિસ્તૃત પરિવારનો ભાગ હો તો દૂર રહેવું એ પ્રેમનું મોટુ પ્રતિક બની શકો છે.... અંતમાં જેટલી સાવધાની એટલી સુરક્ષા... સાથે પ્રભુ પ્રાર્થના કે આ આ આવનારી કોરોનાની ત્રીજી લહેર ના આવે.....

અસ્તુ

દિનેશભાઇ એમ મિસ્ત્રી- તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

## તેજસ્વી તારલાઓ...



અભિષેક કેતનભાઇ
પંચોલી-જામનગર
B.Tech.



શૈલી જેસલભાઇ
મિસ્ત્રી-અંકલેશ્વર
HSC-Sci-79-87



ડો. ચાર્મી સંદિપકુમાર
મિસ્ત્રી-અંધેરી-મુંબઇ
M.B.B.S.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦૦/- સુરત નિવાસી દાદા નિશિકાંભાઇ અને દાદી ડો. રેખાબેન નિશિકાંતભાઇ મિસ્ત્રી તરફથી પૌત્રીરત્ન ‘પ્રીશા’નો જન્મ.

રૂા. ૧૦૦/- સુરત નિવાસી ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઇ પંચોલી તરફથી સ્વ. નંદકિશોરભાઇના સ્મરણાર્થે..



# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો

સૌ સ-કુશળ હશો એવી અપેક્ષા.

એક સમયના અંતરાલ પછી મળવાનું થાય છે. છેલ્લા વર્ષમાં સમાજે ઘણાં સભ્યો ગુમાવ્યા છે, અવસાન પામેલ સૌ જ્ઞાતિજનોના આત્માની ચિરઃશાંતિ અર્થે પ્રભુ પ્રાર્થના. હાલમાં કોરોનાનો પ્રકોપ થોડો ઓછો થયો છે પણ સંપૂર્ણ ગયો નથી તો સૌ સાવધાની પૂર્વક રૂટીન કાર્ય કરશો અને શકય એટલી જલ્દી વેકસીનના બન્ને ડોઝ લેવા આગ્રહભરી વિનંતી જેથી ત્રીજા વેવની આશંકા ઘટે અને આવે તો પણ બધા સુરક્ષિત રહી શકે, તમારી સલામતી તમારા જ હાથમાં છે.. સ્વસ્થ રહો.. સુરક્ષિત રહો..

મિત્રો તમામ સંસ્થાની મદદ માટેના ફોર્મ દર વર્ષે નવયુગમાં છાપવામાં આવે છે, તથા બધા જ ફોર્મ મહામંડળની વેબ સાઈટ www.pancholisamaj.org પર ૨૪×૭ ઉપલબ્ધ છે. આપ વેબ સાઈટ પરથી ડાઉનલોડ કરીને ફોર્મ ભરી શકો છો. અને આપને આપના એકમના પ્રમુખ/મંત્રીના વોટસએપથી પણ મોકલી શકો છો..

તા. ૧૬.૫.૨૦૨૧ના રોજ હાલની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી ઝૂમ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. મહામંત્રીશ્રી નિશિકાંતભાઈએ તમામ ભૂતપૂર્વ પ્રમુખો તથા તમામને સામાન્ય સભાની વિગતો મોકલી સભામાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું. અને મિટિંગમાં ૪૨થી વધુ સભ્યોએ ખૂબ જ સારી રીતે પ્રોટોકોલનું પાલન કરતા ભાગ લીધો, સભામાં હાજરી પુરાવનાર તમામને અભિનંદન. આ મિટિંગના આયોજનમાં મહામંડળની મદદ કરી આઈ.ટી. કું શો-ફોસના ડાયરેકટર અને આપણા સમાજપિતાના પૌત્ર શ્રી પાર્થ શૈલેષકુમાર મિસ્ત્રીએ બન્ને વાર તેઓએ પોતાના કોર્પોરેટર એકાઉન્ટથી મિટિંગ શીડીયુલ કરી અને મિટિંગમાં હાજર પણ રહ્યા હતાં...અભિનંદન. મિટિંગમાં રવિવારે સવારે પોતાનો સમય ફાળવનાર તમામ માટે કહી શકાય કે હજી તેઓને સમાજ પ્રત્યે લાગણી અને ચિંતા છે. ભૂ.પૂ. પ્રમુખ અને મ.મ.ના આજીવન શુભચિંતક ડો. મહેશભાઈની હાજરી હંમેશા હોય છે. અન્ય ભૂ.પૂ. પ્રમુખો પોતાની વ્યસ્તતાને કારણે કદાચ હાજર રહી ન શક્યા હોય પરંતુ શ્રી કિરણભાઈ, જીતેન્દ્રભાઈ અને મ.મ.ના ભૂ.પૂ. મહામંત્રી શ્રી ભરતભાઈ અને રાજેશભાઈની હાજરી ગમી. સૌનો આભાર..

સૌ પ્રમુખો અને મંત્રીઓને વિનંતી કે જે વિધવા બહેનોને સહાયની જરૂર છે તેઓના ફોર્મ પોતાના વોટસએપથી મહામંત્રીશ્રીને મોકલશો અને જેતે એકમ દ્વારા તે બહેનને સહાય આપવામાં આવે છે કે કેમ ? હા અથવા ના મા સ્પષ્ટતા દર્શાવિશો. જેથી યોગ્ય વ્યકિતને મદદ કરી શકાય.

મિત્રો આપણાં બંધારણને મંજુર થયે લગભગ ૨ વર્ષ થયા. બંધારણ મુજબ મહામંડળના તમામ એકમોએ પોતાના એકમના સભ્યો(ઘર દીઠ) આજીવન (૨૦ વર્ષ માટે) ફી. રૂા. ૨૦/- મહામંડળમાં ભરવાની છે, સાથે સાથે સભ્યોનું લીસ્ટ પણ અવશ્ય મોકલવું. આપણે તમામ સભ્યોનો રેકોર્ડ બનાવી તેનો યુનિક નંબર ફાળવીશું. જેથી ભવિષ્યમાં મદદ માટે પણ ખૂબ જ સરળતા થશે. દા.ત. આપના એકમના ૧૦૦ ઘર છે તો આપે ૧૦૦×૨૦ =૨૦૦૦/- મહામંડળને મોકલવાના છે. ઘણા એકમોની ફી અને લીસ્ટ અમોને મળ્યા છે. પરંતુ પાલ વિભાગનો પ્રતિસાદ મોળો છે. રાજપીપલા એકમ ને વિનંતી કે આપની તથા પાલ વિભાગની જવાબદારી એક મોટા એકમ તરીકે લઈ આગામી દિવસોમાં આ કાર્ય પૂર્ણ કરે. આ સિવાય પણ જે એકમોએ હજી ફી જમા નથી કરાવી તેઓને મહામંડળના મદદ માટેના ફોર્મ સાથે ફી પણ મોકલવા આગ્રહભરી વિનંતી.

આ વર્ષે કોરોના ને કારણે મત્યુ દર વધવાથી શ્રી

પંચોલી નવયુગ શુભચિંતક — શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા વડોદરા — શ્રી કમલેશભાઈ મણીલાલ પંચોલી વડોદરા

પંચોલી સમાજ સુરક્ષા યોજના માટ ફાળો રૂા. ૫૦૦/- થયો છે, જે ફાળો મહત્તમ સભ્યોએ જમા કરાવી દીધો છે. મિત્રો સમાજ સુરક્ષાનો મુખ્ય હેતુ આપણા સમાજના સભ્યના મૃત્યુ જેવા પ્રસંગે તાત્કાલીક સહાય મળી શકે એ છે, અને આ માત્ર એક એવી યોજના છે કે જેમાં તમો જેટલી મદદ કરો છો તેની ડબલથી પણ વધુ રકમ તમારા કુટુંબને પાછી મળે છે. જેટલા વધુ સભ્યો એટલી વધુ મદદ આપી શકાય. માટે દરેક એકમો વધુમાં વધુ યુવાનોને સભ્ય બનાવે એ જરૂરી છે, એવો જ કંઈક સુઝાવ આપણા ભૂ.પૂ. મહામંત્રી શ્રી ભરતભાઈ સી. પંચોલી, ડો. મહેશભાઈ મિસ્ત્રીનો પણ હતો. મારી તમામ યુવા સંગઠનોને વિનંતી છે કે તમારા એકમથી વધુ સભ્યો બનાવશો..

હાલમાં એક અંતરયાળ ગામનો રીવાજ જાણવા મળ્યો કે જે કોઈ ગામનો વ્યકિત ઘર બનાવે એટલે ગામના લોકો એને ઘરના વાસ્તુ વખતે ઘરવખરી જેવી કે કબાટ, બેડ, ફ્રીઝ તથા અન્ય ઘરનો સામાન ભેટમાં આપે છે, અને આ સાયકલ વણથંભી વર્ષોથી ચાલી આવે છે. એટલે કે ઘર બનાવનારે કોઈ ઘરવખરી ખરીદવાની નહી અને ઘર વસી જાય. અથવા કહો કે વગર વ્યાજની લોન કે જે એ વ્યકિતએ અન્ય કોઈ વ્યકિત ઘર બનાવી વાસ્તુ કરે ત્યારે તે વસ્તુ રૂપે ચુકવવાની...

સમાજ સુરક્ષા યોજના પણ કંઈક આવી યોજના છે કે જેમાં તમો પહેલા હપ્તે, હપ્તે નાની નાની કરમ ચુકવો છો(મદદ કરો છો) અને તમારા બાદ તમારા કુટુંબને તમોએ ચુકવેલ રકમ કરતા વધારે રકમ પરત મળે છે. જ્ઞાતિબંધુને મદદ ની મદદ અને આપણે કરેલ મદદ વધુ થઈને પાછી મળે છે. આ યોજનાના જનક મુ.શ્રી પ્રશાંતકાકા, ડો. મહેશભાઈ તથા તેઓના તમામ સહયોગી ખરેખર અભિનંદનના અધિકારી છે.

તા. ૫.૬.૨૦૨૧ના દિવસે બપોરે ૧.૫૮ મિનિટે શ્રી મનિષભાઈ પંચોલી-વ્યારા દ્વારા એક મેસેજ મળ્યો કે શ્રી ભરતભાઈ રતિલાલ પચોલી-બીલીમોરાને મેડીકલ સહાય માટે તમારો નંબર આપ્યો છે મે મનિષભાઈ પાસેથી ભરતભાઈનો નંબર મેળવી ફોન કરી વિગત જાણી એટલામાં બીલીમોરના પમુખ શ્રી કિશોરભાઈનો વિગતવાર મેડીકલ રીપોર્ટ સાથે મેસેજ મળ્યો કે તેઓને બ્રેઈન ટયુમરની સર્જરી માટે મદદની ખરેખર ખૂબ જ જરૂર છે, વધુ બે વ્યકિત સાથે ફોન પર વાત કરી પરિસ્થિતિની સ્પષ્ટતા થઈ અને મહામંત્રી સાથે ચર્ચા કરી અને ગૃપ પર મેસેજ મુકતા ઘણા વિવિધ સુચનો મળ્યા અંતે અમોએ જ્ઞાતિબંધુને એક અપીલ કરવાનું નકકી કર્યુ અને રૂા. એક લાખની જરૂરીઆત સામે સવા લાખનો ટાર્ગેટ રાખ્યો ... અને પછી..... હું <u>ખોબો માંગુ ને દઈ દે દરિયો...</u> આ ખૂબ જ જાણી તી પંકિત સમાજના દાતાઓએ સાચી કરી બતાવી અને માત્ર ૪૮ કલાકથી પણ ઓછા સમયમાં રૂા. ૧,૨૫,૦૦૦/- ની સામે ૧,૬૦,૦૦૦/- જેવી માતબર રકમ મળી અને અમારે મદદ લેવા માટે ના કહેવાનો સમય આવ્યો.

મારી પાસે આ ભાવનાને બિદાવવા માટે કોઈ જ શબ્દો નથી.. છેલ્લા બે વર્ષમાં ત્રણ વાર ટહેલ નાંખવાનો પ્રશ્ન આવ્યો અને દરેક વખતે તમોએ અમોને નિરાશ ન થવા દીધા. આ વખતે પોતાના પોકેટ મનીના રૂા. ૨૦૦ થી લઈ ૨૧,૦૦૦ સુધીનું દાન મળ્યું. સુરત, મુંબઈ, વડોદરા જેવા મોટા એકમો તો ગણદેવી, બીલીમોરા, અંકલેશ્વર, પાનવડ, બાજીપુરા, ભીલાડ જેવા નાના એકમો પણ પાછળ રહ્યા નથી. ગણદેવીના ચીંતુભાઈએ સભ્યો પાસે નાની રકમ ભેગી કરી અમોને મોકલી. ગણદેવી એકમ અને ચીંતુભાઈને અભિનંદન... અરે ઓસ્ટ્રેલીયા અને હંમેશના દાતા યુ.કે તરફથી દાન મળ્યું આભાર સૌનો.. જે એકમ ચુકી ગયા છે એઓ પાસે ભવિષ્યમાં અપેક્ષા રાખીએ.. મેં મારી પ્રમુખ નોંધમાં લખ્યુ હતું કે દાન આપવા પૈસો નહી પણ દીલની જરૂર હોય છે. અને આજે એ સાચુ લાગ્યું, દાતાઓએ દિમાગ માટે દીલ ખોલીને દાન આપ્યું. ફરીથી સૌનો આભાર અને જણાવતા આનંદ થાય છે કે ભરતભાઈનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું અને તેઓ સ્વગૃહે પરત પહોંચી ગયા છે... હાલમાં તેઓની જરૂરીઆત મુજબ ૧,૨૫,૦૦૦/-ની મદદ કરી છે બાકીની રકમ ભવિષ્ય માટે રીઝર્વ રાખવાની વિચારણા કરી રહ્યા છે..

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી વડોદરા શ્રી મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ પંચોલી વડોદરા

મહામંડળની તમામ સંલગ્ન સંસ્થાઓને વિનંતી કે તેઓના એકાઉન્ટીંગ વર્ષના હિસાબો તાત્કાલિક મોકલી આપે જેથી મહામંડળના એકાઉન્ટસ આપણે શક્ય એટલા જલ્દી પુરા કરી શકીએ.
સૌ જ્ઞાતિજનોને સારા સ્વાસ્થ્ય માટેની શુભેચ્છાઓ....

**When life is difficult and when everything turn bad**
**Aways remember**
**that Even a Turtle can finish a race as long as he**
**NEVER GIVE UP.....**

# અનુકરણિય





શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, તેજગઢ ના શ્રી બાલકૃષ્ણ છોટાલાલ પંચોલી અને ગોપાલદાસ છોટાલાલ પંચોલી તથા સહ પરિવાર તરફથી સ્વ.છોટાલાલ હરગોવિંદદાસ પંચોલીની પુણ્ય સ્મૃતિમાં શૈક્ષણિક સહાય ફંડ ખાતે રૂપિયા 5001.00/- તથા સ્વ.ધીરજબેન છોટાલાલ પંચોલી ની પુણ્ય સ્મૃતિમાં વિધવા સહાય ફંડ ખાતે રૂપિયા 5001.00/- કુલ રૂપિયા 10002.00 1- દાન પેટે મળ્યા છે. આભાર

દાતાઓશ્રીનો મહામંડળના હોદેદારો તરફથી, દાતાશ્રીઓનો, અમે, હૃદયથી, સન્માન સાથે, અમારી, કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, લેસ્ટર ( યુ.કે.) ના સ્વ. અંબેલાલ ઝીણાભાઈ પંચોલી , સ્વ. મણીબેન અંબેલાલ પંચોલી અને સ્વ. કાંતીભાઈ અંબેલાલ પંચોલીની પુણ્ય સ્મૃતિની યાદમાં, હસ્તક શ્રી અશોકભાઈ અંબેલાલ પંચોલી (યુ. કે) ના પરિવાર તરફથી રૂા. ૨૩૮૦૦.૦૦/- મેડીકલ સહાય ફંડ , રૂ. ૨૩૮૦૦.૦૦/- શૈક્ષણિક સહાય ફંડ તથા રૂ. ૨૩૮૦૦.૦૦/- વિધવા સહાય ફંડ, ખાતે કુલ રૂ. ૭૧૪૦૦.૦૦/- દાન પેટે મળ્યા છે.

આભાર દાતાશ્રીઓનો મહામંડળના હોદેદારો તરફથી, અમે, હૃદયથી, સન્માન સાથે, અમારી, કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને, લેસ્ટર ( યુ. કે.) થી એક શુભેચ્છક બહેન તરફથી તેમના ૬૫ માં જન્મ દિન નિમિત્તે મેડિકલ સહાય ફંડ ખાતે ખાતે રૂપિયા 5000.00/- તથા શૈક્ષણિક સહાય ફંડ રૂપિયા 5000.00/- કુલ રૂપિયા 10000.00 /- દાન પેટે મળ્યા છે. આભાર

દાતાશ્રીઓનો મહામંડળના હોદેદારો તરફથી, અમે, હૃદયથી, સન્માન સાથે, અમારી, કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરીએ છીએ.

- નિશીકાંત મિસ્ત્રી મંત્રી શ્રી પં.સે.સ.મ.

# મહામંત્રી નોંધ

- શ્રી નિશીકાંત બી મિસ્ત્રી
માનદ મહામંત્રી.



આત્મીય જ્ઞાતિજનો,

આપ સર્વની શારીરિક સ્વસ્થતાની આશા સાથે, સર્વ સભ્યો કુશળ રહો તેવી શુભેચ્છા સહ. આ સંજોગોમાં રૂબરૂ મળવાનું પણ એક સ્વપ્ન જ બની રહે છે. આપણે સહુ છેલ્લા એક વર્ષથી કરોના મહામારી સાથે જીવી રહ્યા છીએ.

'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ', તેમજ 'શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના' ની, સામાન્યસભા, તારીખ ૧૬-૦૫-૨૦૨૧ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે, ડીજીટલી ઝૂમ નેટ એપ્લિકેશન દ્વારા મળી હતી.

કોરોનાની બીજી લહેર ખુબ જ વેદના સભર રહી, એપ્રિલ-મે માસમાં તો દરરોજ કોઇ જાણીતી અથવા આપણા નજીકના વ્યક્તિએ આ દુનિયા પરથી વિદાય લીધી છે.

આ સમય દરમ્યાન, તારીખ ૪થી જુન, શુક્રવારે, બીલીમોરા એકમના એક્ટિવ, સેન્સેટિવ પ્રમુખશ્રી કિશોરભાઇ મિસ્ત્રીએ (હાલમાં વિદેશમાં હોવા છતાં) જણાવ્યું કે, તેમના જ એકમના સદસ્ય શ્રી ભરતભાઇ રતિલાલ પંચોલીને બ્રેઇન ટ્યુમરનું ઓપરેશન તાત્કાલીક ધોરણે કરાવવાની જરૂરિયાત ઉભી થતા (આ જ્ઞાતિબંધુની આર્થિક પરિસ્થિતિ નબળી હોય) તેઓના ઓપરેશનનો કુલ ખર્ચ રૂપિયા બે લાખ + મેડિસિનના ખર્ચને પહોંચી શકે તેમ ન હોવાથી, જ્ઞાતિજનો પાસે આશરે રૂપિયા 1,25,000.00 જેટલી મદદની આશા-અપેક્ષા રાખે છે.

તેવી, મહામંડળના હોદ્દેદારોને જાણ કરી અને મદદ માટેની નીતિ વિષયક વિષે ચર્ચા કરી. એના અનુસંધાને મહામંડળના હોદ્દેદારોએ, શુક્રવારે સાંજે દરેક જ્ઞાતિજનોને ડીજીટલી વૉટ્સ એપ ઉપર જાહેર અપીલ કરી મદદ કરવા જણાવ્યું.

દેશ-પરદેશમાં રહેતા, ૧૩એકમના કુલ ૪૯ વ્યક્તિગત દાનવીરો,એકમ અને સંગઠનના સહકારથી રૂપિયા ૧,૬૧,૨૬૮.૦૦ (એક લાખ એકસઠ હજાર બસો અડસઠ પુરા), દાન પેટે મળ્યા છે. એમાંથી ત્રણ દાનવીરોએ પોતાનું નામ અને એકમની જાણ અમને કરી નથી અને બેંકમાં રકમ જમા કરાવી છે. કોઈકે પોતાના પોકેટ-મની પણ દાન પેટે આપ્યા છે. રકમ કરતા તેમનો જુસ્સો બીજાને મદદ કરવાની ખેવના, ઉદાર દિલ જ બહુ જરૂરી છે.

બીજું, આ વખતે સૌથી અગત્યની બાબત અને ધ્યાનાકર્ષણએ બની કે, ૪૮ કલાકથી ઓછા સમયની અંદર, લગભગ દરેક દાનવીરે, નવી આધુનીક બેન્કિંગ ટેક્નોલોજીના સહારે, જરૂરી રકમ દાન રૂપે, જમા કરી. દરેકને તે માટે આદર પૂર્વક નમન.

આના પ્રત્યુત્તર રૂપે મહામંડળના હોદ્દેદારોએ, <u>મદદ 'ન 'સ્વીકાર કરવાની જાહેરાત કરી..</u> દાનવીરોએ, આટલા ટુંક સમયમાં સાથ સહકાર આપ્યો એ માટે તેમનું ઋણ સ્વીકારે છે. તમારી સખાવત, એમના જીવનની અઘરી પરિસ્થિતિમાં સમયની જરૂરિયાત મુજબ અને જીવન બચાવવા ખૂબ જ અગત્યની હતી.

શ્રી ભરતભાઈ રતિલાલ પંચોલીનું બ્રેઈન ટ્યુમરનું ઓપરેશન, સુરતની હોસ્પિટલમાં થયું, મહામંડળે, આપ દાનવીરો વતી તેમના ઓપરેશન માટે જરૂરિયાતની રકમ હોસ્પિટલમાં જમા કરાવી હતી. રવિવારે,તારીખ 13મી જૂને, તેઓ હોસ્પિટલમાંથી રજા લઇને તેમના ઘરે સુખ રૂપ પહોંચી ગયા છે.

આ સ્થાનેથી, તમામ દાનવીરોનો મહામંડળના હોદ્દેદારો તરફથી, તમારા ઉદાર યોગદાનની, આદરથી,હૃદયપૂર્વક પ્રશંસા કરી,નમન સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરીને તમારો આભાર માનીએ છીએ.

<u>દરેક એકમના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓને વિનંતી કરવાની કે તમારા એકમમાંથી જે વિધવા બહેન, આર્થિક, નિરાધાર, વિકલાંગ સભ્ય મહામંડળ માંથી સહાય લેતા હોય તેમના ( 2021-22 ) નવા ફોર્મ ,બેન્કની સંપૂર્ણ વિગત સાથે સત્વરે ડિજિટલી અથવા હાર્ડ કોપી મને મોકલી આપશો.</u>

તમામ એકમના કાર્યકરને વિનંતી કરવાની કે, તમારા એકમમાં વિધવા બહેન, તેમજ, જે સભ્ય આર્થિક, સામાજિક રીતે નબળા હોય, તેમને સરકારી સહાય મળે તે માટે જરૂરી 'મા કાર્ડ ' જેવા તમામ કાર્ડ મેળવવા

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. જયંતભાઈ અમૃતલાલ પંચોલી અમદાવાદ શ્રી ચંદુલાલ નરોત્તમદાસ મિસ્ત્રી અમદાવાદ

માટે મદદ કરશો તો એ પણ એક સેવાયજ્ઞ બની રહેશે.

મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતી વખતે
એક નવી સંપત્તિ નો વિકાસ થાય છે
જેનું નામ આત્મબળ -
ઈશ્વરીય શક્તિ અશક્ય ને શક્ય બનાવે છે.
આ સમય પણ વીતી જશે.

# મહિલા સંગઠન - ૨૦૨૧





મહિલા સંગઠનની મારી વહાલી સખીઓ. કોરોનાગ્રસ્ત ૨૦૨૧નું અડધું વર્ષ પૂર્ણ થયું. મહિલા સંગઠનની મોટાભાગની બહેનોએ કોવિડ ૧૯ની રસીના ડોઝ લઈ લીધાં હશે એવી આશા. હવે કોરોનાના કેસની સંખ્યા ઘટતી જાય છે છતાં પણ આપણે સૌએ હવેના જીવનમાં માસ્ક , સેનિટાઇઝર , સોશિયલ ડિસ્ટન્સીંગ વગેરેથી થોડા વર્ષો ટેવાવું પડશે. સરકારે લગ્નમાં ૫૦ માણસો અને મરણમાં પણ ૨૦ માણસોને જ ભેગા થવાની છૂટ આપી છે. તે આમ જોવા જાઓ તો કાયમ માટે પણ આપણે પાળીએ તો કશું ખોટું નથી, કારણ કે આટલા સમયમાં આપણે અનુભવ્યું કે થોડા માણસોથી પણ આપણે પ્રસંગો સારી રીતે પાર પાડી શકીએ છીએ. તેને કારણે પૈસાનો ખોટો દેખાડો બંધ થયો છે. કારણ વગર બધાં ભેગા થવાને બદલે કુટુંબમાં સૌ સાથે મળીને સમય પસાર કરવાને કારણે એકબીજા વચ્ચેનો પ્રેમ ભાવ વધ્યો છે.

આ વર્ષે માસ પ્રમોશનથી બધાં વિદ્યાર્થીઓને ઉપલા ધોરણોમાં જવા મળ્યું. તેથી નબળા વિદ્યાર્થીઓ રાજી થયા પણ જે ખરેખર મહેનતુ વિદ્યાર્થીઓ હતાં તે નારાજ થયા છે. ઠીક છે મિત્રો, નારાજ ન થશો હાલની પરિસ્થિતિ જોતાં હવે લાગે છે કે આગામી સત્રથી બધું સમુંસૂતરું પાર પડશે. સરકાર પણ ક્રમશઃ છૂટ આપી રહી છે. પણ આપણે તેનો દુરુપયોગ ન કરતાં કાળજી રાખી જીવન વિતાવીશું.

તો હવે વહાલી સખીઓ આપણે જુલાઈ થી ડિસેમ્બર સુધીના પ્રોજેક્ટ પર નજર ફેરવીએ.

જુલાઈ થી ડિસેમ્બર ના પ્રોજેક્ટસ

જુલાઈ : છત્રી શણગાર હરિફાઈ , પોતાના લગ્ન વખતનો અને અત્યારનો ફોટો ગ્રુપમાં મૂકવો. મકાઈની વાનગીની હરિફાઈ.

ઑગષ્ટ :રક્ષાબંધન થાળી શણગાર. જુદી જુદી રીતે સાડી પહેરવાની હરિફાઈ. ગિફ્ટ બોક્ષ બનાવવો. જન્માષ્ટમી હિંડોળા શણગાર.

સપ્ટેમ્બર :લાડવા બનાવવાની હરિફાઈ. ગણેશ ચતુર્થીની ઉજવણી. બંગડીનું સ્ટેન્ડ બનાવવું.

ઑક્ટોબર : ઇંદિરા ગાંધી પુણ્યતિથિ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા, નવરાત્રી માતાજીનું સ્થાપન માટલી શણગાર. મુખવાસ બનાવવો.

નવેમ્બર : તોરણ , રંગોળી , દીવા શણગાર હરિફાઈ. ફેમિલી ટ્રી ફોટા ચોંટાડી બનાવવું. જુટ અથવા જીન્સમાંથી બેગ કે પર્સ બનાવવી.

ડિસેમ્બર :વક્તૃત્વ સ્પર્ધા - કોવિડ ૧૯ ના લાભ અને હાનિ. એપ્રન બનાવવું. પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ કરી ઉપયોગી વસ્તુ બનાવવી. (બેસ્ટ ફ્રોમ વેસ્ટ)

આ છ મહિનાના પ્રોજેક્ટસની રૂપરેખા છે. તે ઉપરાંત તમે તમારી કલ્પના શક્તિની મદદથી બીજા પણ પ્રોજેક્ટ કરી શકો છો. પરંતુ આ વખતે એક ખાસ ટાસ્ક આપું છું કે તમે જે પણ વસ્તુઓ બનાવો તે એવી વસ્તુઓ બનાવજો કે તમે તેનો ઘર શણગારવામાં ઉપયોગ કરી

પંચોલી નવયુગ શુભચિંતક સ્વ. રમેશચંદ્ર વિઠ્ઠલભાઈ પંચોલી અમદાવાદ શ્રી રમેશભાઈ વલ્લભભાઈ મપારા અમદાવાદ

શકો. આપણી બનાવેલી વસ્તુઓથી ઘરને શણગારવાનો આનંદ જ કંઇ અલગ હોય છે. બીજું ડિસેમ્બર મહિનામાં છેલ્લે તમે છ મહિના દરમિયાન બનાવેલી વસ્તુઓ સાથેનો ફોટો મૂકવો. જેથી તમારી પાસે અને મારી પાસે યાદગીરી રહે.તો ચાલો સખીઓ તમારી કલ્પના શક્તિને કામે લગાડી કમર કસી પ્રોજેકટસ પૂરા કરવા લાગી જાઓ. આ વખતે બધા એકમો એટલાં સરસ પ્રોજેકટસ બનાવજો કે છેલ્લે મોટા એકમોમાં પહેલું ઈનામ વડોદરા એકમને અને બીજું ઈનામ રાજપીપળા એકમને તથા નાના એકમમાં પહેલું ઈનામ અંકલેશ્વર એકમને મળ્યું હતું. તેના બદલે બધા જ એકમને ઈનામ આપવા પડે એવી પરિસ્થિતિ નિર્માણ થાય. સૌને નવા પ્રોજેકટસ્ માટે શુભેચ્છા. તો ચાલો આવજો સખીઓ.

અધ્યક્ષા : શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી. - બીલીમોરા

કૉ-ઓર્ડીનેટર :સ્નેહા પારસભાઇ મિસ્ત્રી. - અંકલેશ્વર

---

## શ્રી ભરતભાઈ રતિલાલ પંચોલી – બીલીમોરા
## બ્રેઈન ટ્યુમર ઓપરેશન માટે વહેલી દાનની ગંગા.....

| | | |
|---|---|---|
| ૨૦૦૦ | એક શુભેચ્છક | સુરત |
| ૫૦૦૦ | એલ.સી. સૌશ્યલ ગ્રુપ | સુરત |
| ૫૦૦ | નિલેશભાઇ જયંતિલાલ પંચોલી | સુરત |
| ૨૦૦૦ | દક્ષય પી. ગજ્જર | સુરત |
| ૭૫૦૦ | ગિરીશચંદ્ર આઇ. ગજ્જર | સુરત |
| ૨૦૦૦ | ધવલ જે. પંચોલી | સુરત |
| ૫૦૦૦ | કિશોરભાઇ એન. મિસ્ત્રી | બીલીમોરા |
| ૫૦૧ | જીગ્નેશ એસ. ભરતવાલા | નવસારી |
| ૨૦૦ | સીમા કમલેશ પંચોલી | વડોદરા |
| ૫૦૦૦ | તેજસ એ. પંચોલી | સુરત |
| ૧૦૦૧ | હાર્દિક કરુણેશ પંચોલી | સુરત |
| ૫૦૦૦ | ત્રિકમલાલ દલસુખભાઇ પંચોલી | પાનવડ |
| ૨૧૦૦ | ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી | અંકલેશ્વર |
| ૨૦૦૦ | રસભાઇ પંચોલી | બાજીપુરા |
| ૧૦૦૦ | હીમેન શાંતિલાલ પંચોલી | ભાઠા-સુરત |
| ૨૦૦૦ | વિજય આર. પંચોલી | સુરત |
| ૫૦૦ | સાગર બાલમુકુંદભાઇ પંચોલી | સુરત |
| ૧૧૦૦૦ | ડો. જીતેન્દ્રભાઇ બી. મિસ્ત્રી- | બ્રીસબેન ઓસ્ટ્રેલીયા |
| ૨૦૦૦ | રાજેશભાઇ આર. પંચોલી | વડોદરા |
| ૫૦૧ | હરેશ એન. મિસ્ત્રી | મુંબઇ |
| ૨૫૦૦ | હિરેન મિસ્ત્રી | સુરત |
| ૧૧૧૧ | વિશાલ પંચોલી | વાઘોડિયા(હાલ અંકલેશ્વર) |
| ૫૦૦ | નિરવ શૈલેષકુમાર પંચોલી | વડોદરા |
| ૨૦૦૧ | જીગ્નેશ મહેતા | કાંદીવલી(વે.) |
| ૩૦૦૧ | આશા કિરીટકુમાર મહેતા | કાંદીવલી(વે.) |
| ૨૫૦૦ | શુકદેવભાઇ મફતલાલ પંચોલી | વડોદરા |
| ૧૦૦૦૦ | જીતેન્દ્ર મિસ્ત્રી | મુંબઇ |
| ૫૦૦ | અલ્પેશ ચંદ્રકાંતભાઇ મિસ્ત્રી | બીલીમોરા |
| ૧૦૦૦૦ | ગણદેવી એકમ અને સભ્યો | ગણદેવી |
| ૧૦૦૦ | જયેશ એચ. મિસ્ત્રી | વિરાર-મુંબઇ |
| ૧૧૩૨૫ | મહેન્દ્રભાઇ નરોત્તમભાઇ પંચોલી | લેસ્ટર-યુ.કે. |
| ૫૨૨૫ | હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી | લેસ્ટર-યુ.કે. |
| ૨૧૦૦૦ | પંચોલી વિધવાનિરાધાર સહાયક ફંડ | યુ.કે. |
| ૫૦૦૦ | કિશોરભાઇ હિરાલાલ મિસ્ત્રી | સુરત |
| ૨૦૦૦ | નિલેશ નટવરલાલ કાપડિયા | સુરત |
| ૫૦૦૦ | મંજુલાબેન દિપકભાઇ જ્યોતિષભાષ્કર | બીલીમોરા |
| ૨૧૦૦ | દક્ષેશ બિપીનભાઇ મિસ્ત્રી | બીલીમોરા |
| ૨૦૦૦ | યુવા સંગઠન | બીલીમોરા |
| ૩૧૦૦ | અખીલ નિલેશભાઇ મહેતા | અંકલેશ્વર |
| ૫૦૦ | ભુપેશ દશરથલાલ ગજ્જર | સુરત |
| ૧૦૦૦ | રાજેશ જયંતિલાલ પંચોલી | સુરત |
| ૧૧૦૦ | દેવેન્દ્ર પંચોલી | ભીલાડ |
| ૫૦૦ | ભાવેશ પંચોલી | ભીલાડ |
| ૫૦૦૦ | અમીત ઈન્દ્રવદન પંચોલી | લેસ્ટર યુ.કે. |
| ૫૦૧ | પૂર્વેશ અરવિંદભાઇ મિસ્રી | બીલીમોરા |
| ૫૦૦ | ગીતાબેન ડ. મિસ્ત્રી | સુરત |
| ૫૦૦૦ | એક વ્યકિત | |
| ૫૦૦ | એક વ્યકિત | |
| ૧ | એક વ્યકિત | |
| **૧૬૧૨૬૮** | | કુલ |

૪૦,૦૦૧-સુરત ૧૭ દાતા, ૧૫,૧૦૧-બીલીમોરા ૬ દાતા, ૬૩૧૧-વડોદરા-૩ દાતા, ૧૬૫૦૩-મુંબઇ ૫ દાતા, ૪૨૫૫૦-લીસ્ટર યુ.કે. ૪ દાતા, ૫૨૦૦-અકલેશ્વર-૨ દાતા, ૧૬૦૦-ભીલાડ-૨ દાતા, ૧૧૦૦૦ ઓસ્ટ્રેલીયા-૧ દાતા, ૨૦૦૦-બાજીપુરા-૧ દાતા, ૧૦૦૦૦ ગણદેવી-૧ દાતા, ૫૦૧ - નવસારી ૧ દાતા, ૫૦૦૦-પાનવડ ૧ દાતા, ૫૫૦૧-૩ દાતાઓ તરફથી મળ્યા...

# Shadi.com

| | | |
|---|---|---|
| નામ | : | **શિવાંગી(શિવાની)** |
| પિતા | : | રાજેન્દ્રભાઇ મફતલાલ પંચોલી |
| માતા | : | જાગૃતિબેન-૯૦૯૯૩ ૭૪૧૧૨ |
| જન્મ તા. | : | ૧૩.૮.૧૯૯૫ સમય : બપોરે ૧૨.૪૫ |
| જ.સ્થળ | : | બહાદરપુર |
| ઉંચાઇ | : | ૫'૪'' |
| અભ્યાસ | : | M.Com. Part time Study : Computer Operator and Programming Assistant |
| ભાઇ | : | જયકુમાર-Study |
| જન્માક્ષર | : | માને છે. |
| સરનામુ | : | આયુર્વેદીક હોસ્પિટલ સામે, મુ. વાવડી, તા. નાંદોદ, જિ. નર્મદા ૩૯૩ ૧૪૫ |
| મોબાઇલ | : | ૯૫૮૭૨ ૧૨૧૨૪ |



**શિવાંગી(શિવાની)**
M.Com.

## આઠમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**
જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩

જીવન શાશ્વત છે.. પ્રેમ અમર છે...
મૃત્યુ ફક્ત સીમા છે...

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
શ્રીમતિ ચૈતાલી રવિકુમાર જાદવ તથા ફેમીલી
૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાના સેવિંગ્સ ખાતા ન **02690100010065, IFSC : BARB0CITYLT** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

પ્રમુખ : શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન **02210100057495, IFSC : BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# સામાન્ય સભા-૧૬.૦૫.૨૦૨૧

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તારીખ:-૧૧-૦૪-૨૦૨૧, રવિવારના દિને સવારે ૯.૩૦ કલાકે, ડિજીટલ ઓન લાઇન ઝૂમ એપ્લિકેશન દ્વારા રાખવામાં આવેલ હતી. મહામંડળના હોદ્દેદારો (કોવીડ- ૧૯)- કોરોના મહામારીમાં હોમ ક્વોરોન્ટાઇન થયેલ હોય, તારીખ:-૦૯-૦૪-૨૦૨૧ શુક્રવારના રોજ, તારીખ:-૧૧-૦૪-૨૦૨૧ની મિટિંગ મુલતવી રાખવાની જાહેરાત ડીજીટલી વૉટ્સએપ ગ્રુપમાં કરવામાં આવી હતી. તારીખ:-૧૧-૦૪-૨૦૨૧ની મિટિંગ મુલતવી રહેલ મિટીગ તારીખ:-૧૬-૦૫ – ૨૦૨૧, રવિવારના દિને સવારે ૯.૩૦ કલાકે, ડિજીટલ ઓન લાઈન ઝૂમ એપ્લિકેશન દ્વારા, સુરતથી ,મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રી ના અધ્યક્ષ સ્થાને મળી હતી.

ડિજિટલ ઓન લાઈન નોંધ મુજબ,૧૨ એકમમાંથી- કુલ ૪૫, જેમાં, બીલીમોરા-૦૩, અંકલેશ્વર-૦૮, વ્યારા-૦૩, વડોદરા- ૦૩, સુરત- ૧૫, નવસારી- ૦૨, મુંબઈ- ૦૩ રાજપીપળા- ૦૧, ગણદેવી- ૦૧ અજરાઇ- ૦૨, બીલીમોરા- દુબઈ- ૦૨, એકમનું નામ નથી- ૦૨. સભ્યો હાજર હતા.

મહામંત્રી,શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી.એ,શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભાની શરૂઆત કરી. સૌ પ્રથમ હાજર સભ્યોનું અભિવાદન કરી, ડિજીટલ પ્લેટફોર્મ ઉપર આવકાર્યા,દરેક સભ્યોને ૫૮મી સામાન્ય સભા, વર્ષ ૨૦૧૯-૨૦ વાર્ષિક એકાઉન્ટ અહેવાલ સાથે, વર્ષ ૨૦૧૮-૧૯ની સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સ, તેમજ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ડિજીટલ પ્લેટફોર્મ ઉપર મળેલ કારોબારી મિટિંગનો અહેવાલ જે તારીખ :- ૦૮ -૦૪-૨૦૨૧ના રોજ ડિજીટલ સ્વરૂપે મળે તે રીતે વ્હોટસ એપ ઉપર પોસ્ટ કરેલ હતું, તેની માહિતી આપી.

મહામંત્રી,શ્રી નિશીકાંત બી. મિસ્ત્રીએ, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભાની આગળની કાર્યવાહી અને સંચાલન કરવા માટે, મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રીને વિનંતી કરી, આમંત્રણ આપ્યું.

એજન્ડા નંબર ૧:- મિટિંગ કોલ બાય ઑર્ડર પ્રમુખશ્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ના પ્રમુખશ્રી હેમંતભાઈ મિસ્ત્રીએ, ૫૮મી સામાન્ય સભા શરુ કરતા હાજર સૌ સભ્યનું સ્વાગત કર્યું , અને સૌ સભ્યનું સ્વાસ્થ્ય સારું રહે તેવી શુભેચ્છા પાઠવી. રૂબરૂ મળેલી છેલ્લી સામાન્ય સભા પછી આજદિન સુધી કુદરતી ઘણું બધું બદલાય ગયું ,આ મિટિંગ પણ આપણે તારીખ ૧૧-૦૪-૨૦૨૧ના રોજ કરવાના હતા, પણ હોદ્દેદારોમાંથી હોમ ક્વોરેન્ટાઇન થવું પડયું, તેથી મિટિંગ પોસપોન્ડ કરવી પડી. આજે આપણે બધા શારીરિક રીતે ક્ષેમકુશળ છીએ . આપણે રૂબરૂ મળ્યા ત્યારબાદ, અંકલેશ્વર એકમની યુવા ટીમે આકાંક્ષા પ્રોગ્રામ સફળતાથી ઉજવ્યો અને દરેક હાજર સભ્યોએ દિલથી માણ્યો.આકાંક્ષા પ્રોગ્રામના આયોજનમાં ભાગ લેનાર દરેક સભ્યને અભિનંદન,તે ઉપરાંત મહામંડળના ઇતિહાસમાં પહેલી વખત બીલીમોરા તથા પાનવડ એકમના એકલ-દોકલ સભ્યને આવેલ તકલીફ-મુસીબત માટે, સમાજમાં અપીલ કરી અને રૂબરૂ મળ્યા વગર આપણે કુલ રૂપિયા ૧૧ લાખ જેવી માતબર રકમ ભેગી કરી શક્યા અને તેમને મદદ આપી, તદઉપરાંત કોવીડ ની મહામારીમાં યુ .કે. ના ભાઈઓ પણ રૂપિયા ૧ લાખ જેવું માતબર દાન, નામ નહિ આપવાની શરતે આપ્યું છે,આ વર્ષે પણ લેસ્ટર ( યુ .કે.)થી શ્રી અશોકભાઈ પંચોલી તથા તેમના પરિવાર તરફથી, વિવિધ સંસ્થાના કાર્યોમાં સહાય માટે રૂપિયા ૭૧૪૦૦.૦૦ નું માતબર દાન મળ્યું છે.દરેક દાતાઓનો હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ. કોવીડ મહામારી દરમ્યાન એકમોએ તેમના સભ્યોનું ધ્યાન રાખી જરૂરી બધી મદદ અને અનાજની કીટનું પણ વિતરણ કર્યું દરેક એકમોના સભ્યને અભિનંદન.આપણે છેલ્લી સામાન્ય સભામાં દરેક એકમ ના સભ્યોનું લિસ્ટ તૈયાર કરવાનું અને સભ્ય દીઠ રૂપિયા ૨૦/- મહામંડળમાં જમા કરાવવાનું નક્કી થયેલ હતું, તે મુજબ ઘણા એકમો, ગણદેવી, સુરત, નવસારી, મુંબઈ વ્યારા, અંકલેશ્વર, બીલીમોરા, પાનવડ અને છેલ્લે વડોદરા એકમની સભ્ય

ફી આવી ગઈ છે, પંચોલી નવયુગમાં વારંવાર પ્રમુખ નોંધ અને મંત્રી નોંધમાં અપીલ કરવા છતાં, રાજપીપળા,અને પાલ વિભાગ તેમજ અન્ય એકમોએ હજુ સભ્યના નામ તથા ફી આપેલ નથી તો સત્વરે તે જમા કરાવશો તેવી વિનંતી કરી, તો આપણે આગળ કામ કરી શકીએ.

દરેક હાજર સભ્ય પોતાનો અભિપ્રાય વ્યવસ્થિત રીતે આપી શકે તે માટે આશા રાખી તેમજ એજન્ડા મુજબ મિટિંગનું કાર્ય કરવાની ભલામણ અને ઈચ્છા વ્યક્ત કરી.

<u>એજન્ડા નંબર ૨ :- તારીખ ૨૫-૦૮-૨૦૧૯ ના રોજ સુરત મુકામે મળેલ સામાન્ય સભાની મિનિટ્સ ની નોંધ લેવા અને બહાલી આપવા બાબત -મહામંત્રી</u>

મહામંત્રી શ્રી નિશીકાંત બી. મિસ્ત્રીએ તારીખ ૨૫-૦૮-૨૦૧૯,સુરત ખાતે મળેલ સામાન્ય સભાની નોંધ ૨૦૧૯ના દિવાળી અંકમાં આપેલ હતી અને હાલમાં પણ ૦૮ -૦૪-૨૦૨૧ના રોજ પણ ડીજીટલી વૉટ્સએપ ગ્રુપમાં મુકેલ હતી, હાજર સભ્યોને મિનિટ્સ વિશે, કોઈ પ્રશ્ન હોય, કંઈ પૂછવું હોય તો, અથવા વાંચવાનું પુછ્યું, પણ હાજર સભ્યમાં શ્રી મહેશભાઈ મિસ્ત્રી અંકલેશ્વર તેમજ શ્રી કિરણભાઈ પંચોલી-મુંબઈના સુચન અને મત મુજબ વાંચવાની કોઈ જરૂરિયાત નથી, તે પ્રમાણે હાજર સભ્યોએ સર્વાનુમતે સર્વ સમંતિથી વર્ષ ૨૦૧૮-૧૯ ની સામાન્ય સભાની મિનિટ્સ માન્ય રાખી બહાલી આપીને મંજુર કરી.

<u>એજન્ડા નંબર ૩ :- વર્ષ દરમ્યાન મળેલ ઓન લાઈન કારોબારી તથા કાર્યવાહી ની ટૂંક માહિતી મહામંત્રીશ્રી</u>

મહામંત્રી શ્રી નિશીકાંત બી. મિસ્ત્રીએ તારીખ ૨૮–૦૫–૨૦૨૦ ના રોજ ડિજીટલી ઝૂમ એપ્લિકેશન ઉપર કારોબારી મિટિંગ મળેલ હતી , મિટિંગની મિનિટ્સની નોંધ પણ ડીજીટલી વૉટ્સએપ ગ્રુપ માં મુકેલ હતી. પ્રમુખશ્રીના ખાસ આગ્રહથી,તેમાં ચર્ચામાં લીધેલ મુખ્ય મુદ્દાઓ વિષે જાણકારી આપવામાં આવી.

૧. વર્ષ ૨૦૨૦ માં પણ કોરોના મહામારી ચાલતી હતી તેથી વિધવા - નિરાધાર સહાય ના ફોર્મ ૩૧મી જુલાઈ સુધી તેમજ સ્વ .સી .ટી .મિસ્ત્રી સ્મારકનિધિ અને ઉચ્ચ શૈક્ષણિક સહાય ની તારીખ 30 મી સપ્ટેમ્બર સુધી સ્વીકારવાનું નક્કી કરવામાં આવ્યું.વૉટ્સ ઍપ ઉપર અરજી મોકલવામાં આવશે તેને પણ ધ્યાનમાં રાખી સ્વીકારવામાં આવશે.ડિજીટલી આવેલ અરજી, અનુકૂળ સમય મુજબ તેની હાર્ડ કોપી મોકલવાની રહેશે.

૨. સમાજ સુરક્ષા યોજના નો ફાળો ૩૧ મી ઑગષ્ટ સુધી સ્વીકારવાની મંજુરી લીધી હતી.

૩. વર્ષ ૨૦૧૯-૨૦ ની સામાન્ય સભાની તારીખ તેમજ એકાઉન્ટિંગ બાબતે સરકારી નિયમ મુજબ કાર્ય કરીશું તેવું નક્કી કરવામાં આવ્યું.

૪. મહામંડળના રોકાણ બાબતે પ્રમુખશ્રી હેમંતભાઈએ જણાવ્યું કે અમુક મહાનુભાવોનું માનવું છે કે મ્યુચુઅલ ફંડમાં રોકાણ કરવાની જગ્યાએ બેન્કની ફિક્સ ડિપોઝિટ મુકવી-તેના અનુસંધાને તેમણે હાલમાં મહામંડળનું રૂપિયા <u>**૭૬ લાખ**</u> ના રોકાણ નું <u>**૮.૭૧ %**</u> જેટલું વ્યાજ મળ્યું છે - વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ આગામી સામાન્ય સભાની મંજુરી ની અપેક્ષાએ હાલમા મ્યુચુઅલ ફંડ માં રોકાણ ચાલુ છે તેમાં જ રોકાણ ચાલુ રાખવું એવું સર્વ સમંતિથી નક્કી કરવામાં આવ્યું.

૫. પ્રમુખશ્રી હેમંતભાઈએ જણાવ્યું કે, દરેક સંલગ્ન સંસ્થાના રોકાણ મુજબ આવેલ વ્યાજ માર્ચ - ૨૦૨૦ માં આપી દેવામાં આવેલ અને સામાન્ય સભામાં નક્કી થયા મુજબ <u>**૭**</u> % મુજબ જે તે સંસ્થાને મદદ કરવી તેવું જણાવવામાં આવેલ છે.

૬. સભ્ય દીઠ રૂપિયા ૨૦/- મહામંડળમાં જમા કરાવવાનું નક્કી થયેલ હતું, તે મુજબ ઘણા એકમોની સભ્ય ફી આવી ગઈ છે,તેમજ અન્ય એકમોએ હજુ જે તે એકમ ફી આપેલ નથી તો સત્વરે તે જમા કરાવશો તેવી વિનંતી કરી.

<u>એજન્ડા નંબર ૪ :- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના ૨૦૧૯-૨૦૨૦ ના હિસાબોને મંજૂરી આપવા બાબત-ખજાનચીશ્રી.</u>

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના હિસાબો ખજાનચીશ્રી ઉમેશભાઈ પંચોલી દ્વારા રજુ કરવામાં આવ્યા. ૦૮ -૦૪-૨૦૨૧ના રોજ ડીજીટલી વૉટ્સએપ ગ્રુપમાં મુકેલ હતી, અને હાલમાં પણ ગ્રુપમાં તેમજ વેબ સાઈટ ઉપર મુકેલ છે. રાજપીપળાથી શ્રી સુરેશભાઈ પંચોલી નું કહેવું હતું કે હિસાબ હાર્ડ કોપી માં મળવા જોઈએ જેથી જયારે વાંચવું હોય ત્યારે વાંચી શકાય, શ્રી કિરણભાઈ પંચોલી એ જણાવ્યું કે જેમને કોપી જોઈતી

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ | સ્વ. ચીમનભાઈ પરસોત્તમદાસ પંચોલી જબુગામ

હોય તે પ્રિન્ટ કરાવી શકે અને હાજર સભ્યોને પુછતા તેમણે આખો અહેવાલ વાંચવાની જરૂરિયાત નથી તેવો અભિપ્રાય આપ્યો. પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું કે આપણા આજ સુધીના બધા અહેવાલ તેમજ હિસાબ વર્ષ મુજબ આપણી વેબ સાઇટ ઉપર કાયમ માટે પોસ્ટ કરેલા છે કોઈ પણ સભ્ય ગમે ત્યારે તે જોઈ શકે છે. પ્રમુખશ્રીએ નિરાધાર સહાય માં રૂપિયા ૭૩00/- નો જે ઉલ્લેખ છે તેમાં રૂપિયા ૫000/- એલ સી ગ્રુપ તરફથી આવેલ છે જે આ વર્ષમાં જમા થઇ ગયા છે. વધુમાં ખજાનચીશ્રી ઉમેશભાઈ પંચોલીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળમાંથી જે મદદ કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરીને વિસ્તૃત માહિતી આપી. ત્યારબાદ દરેક સંલગ્ન સંસ્થાના એકાઉન્ટ ઉપર જે તે સંસ્થાના અધ્યક્ષશ્રીએ વિગતવાર માહિતી આપી.ખાસ તબીબી સેવા સંકુલમાં ગત વર્ષમાં રૂપિયા ૧,૧૧,૦૦૦.૦૦ આપેલ હતા તે ઇન્કમ ટેક્ષના કારણે કોરપર્સ ફંડમાં લઇ ગયા છે જેથી જાવક વધુ જણાય છે. આ વર્ષમાં મહામંડળએ કોઈ પણ સહાય આપી ન હતી.આ વર્ષે કોરોનાના કારણે આર્થિક રીતે નબળા સભ્યને મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું. સ્વ.સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિ અને ઉચ્ચ શૈક્ષણિક સહાય માંથી 35 વિધાર્થીઓને રૂપિયા ૧,૧૯,૯૦૦.૦૦ ની મદદ કરવામાં આવી. સમાજ સુરક્ષા યોજના- તેમાં રૂપિયા ૩,૫૬,૮૨૯.૫૭ ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ કો ઓ બેન્ક અને રૂપિયા ૭૭૧૮૮.૦૦ ટી. ડી. એસ. ખાતે કુલ રૂપિયા ૪,૩૪,૦૧૭.૫૭ ઉધાર છે તે જયારે આવશે ત્યારે જમા લઈશું, ત્યાં સુધી આ એકાઉન્ટ ચાલુ રહેશે.દરેક સંલગ્ન સંસ્થાના એકાઉન્ટ ઉપર વિગતવાર, હાજર રહેલ સભાસદોએ ચર્ચા વિચારણા કરતા, સર્વ સંમતિથી સર્વાનુમતે વર્ષ <u>૨૦૧૯-૨૦૨૦</u>ના વાર્ષિક હિસાબોને બહાલી આપી મંજુર કર્યા.

<u>એજન્ડા નંબર ૫</u>:- <u>ઓન લાઈન કારોબારીમાં નક્કી થયા મુજબ રોકાણ બાબતે ચર્ચા.</u>

પ્રમુખશ્રી હેમંતભાઇએ જણાવ્યું કે, ૨૮-૦૫-૨૦૨૦ ના રોજ મળેલ ઓન લાઈન કારોબારી મિટિંગમાં નક્કી થયા મુજબ હાલમાં મ્યુચ્યુઅલ ફંડમાં મહામંડળના લગભગ રૂપિયા ૭૬ લાખ અને સમાજ સુરક્ષા યોજના ના ૪૭.૩૩ લાખનું રોકાણ કરેલ છે જેમાં ગઇકાલના રેકોર્ડ મુજબ મહામંડળના લગભગ રૂપિયા ૮૭ લાખ થયા છે એટલે કે ક્યુમુલેટીવ ઇન્ટરેસ્ટ લગભગ ૧૩ % થી ૧૪ % થાય છે, હાલમાં આપણું રોકાણ લીકવીડ ફંડ માં ચાલે છે ડેપ્થ ફંડમાં નથી, તો આજની સભા અમને માર્ગદર્શન,નિર્દેશ આપે તો તે મુજબ આ રોકાણ ચાલુ રાખીએ અથવા બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે રોકાણ કરીએ. દરેક એકમના સભ્યોને તેમનો અભિપ્રાય આપવા વિનંતી કરી. સૌ પ્રથમ મહેશભાઇ મિસ્ત્રી, અંકલેશ્વરએ હાલમાં જે રોકાણ છે તે રીતે જ ચાલુ રાખવું તેવું જણાવ્યું,મુંબઈથી શ્રી કિરણભાઈ પંચોલીનું પણ એ બાબતે સમંતિ દર્શાવી રોકાણ ચાલુ રાખવું ,તેમજ કિશોરભાઇ મિસ્ત્રી બીલીમોરા -દુબઈથીના મતે પણ હાલમાં જે રીતે રોકાણ કરેલ છે તે મુજબ રોકાણ કરવાની હિમાયત કરવામાં આવી. મુંબઈથી દીપકભાઇ પંચોલીના વિચાર દ્રષ્ટિથી બેંકમાં રોકાણ કેવું હિતાવહ નથી એક તો ઓછું વ્યાજ અને ગમે ત્યારે ઉઠી જાય તો આપણાં રોકાણનું જોખમ રહે તેથી હાલમાં જે રીતે રોકાણ કરો છો તે મુજબ જ કરવું. વધુમાં શ્રી કિરણભાઈ પંચોલીના મત મુજબ હવે થોડું રોકાણ, સ્ટેટ ગવર્મેન્ટના બોન્ડમાં કરવું જેમાં ૮.૫ % થી ૯.૦૦ % સુધી રિટર્ન મળી શકે છે અને તે રોકાણ ૧૦ લાખના લોટમાંજ , ડિમેટ અથવા નોન ડિમેટ એકાઉન્ટ દ્વારા, કરી શકાય છે. પ્રમુખશ્રીએ વ્યારાના શ્રી ભરતભાઈ સી. પંચોલી પાસે પણ તેમનો અભિપ્રાય માંગતા,શ્રી ભરતભાઈ પંચોલીએ, શ્રી કિરણભાઈ પંચોલીના વિચાર સાથે સંમત થઈએ રીતે આગળ વધવાનું સુચન કર્યુ. પ્રમુખશ્રી હેમંતભાઇએ જણાવ્યું કે,નજીકના દિવસોમાં મહામંડળની, બેંકમાં ફિક્સડ ડિપોઝીટ પાકે છે, તે અને રોકાણમાંથી બીજા રૂપિયા ઉપાડી લઈએ તો, ૧૦ લાખનું બોન્ડમાં રોકાણ કરી શકાય. આ બાબતે હાજર સભાસદોએ વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા સર્વ સમંતિથી એવું નક્કી કરી ઠરાવવામાં આવે છે કે , ' <u>મહામંડળના નામથી ડિમેટ એકાઉન્ટ ખોલાવવું, ફાયનાન્સીયલ કમિટીની સલાહ સૂચન મુજબ યોગ્ય કંપનીના બોન્ડમાં રોકાણ કરવું.</u>' આ ઠરાવને હાજર સભાસદોએ સર્વાનુમતે બહાલી આપી મંજુર કર્યો. શ્રી કિરણભાઈ પંચોલીના મત મુજબ ૧૨ -એ સિર્ટીફીકેટ લઇ લેવું જોઇએ અને તે માટે જરૂરી ડોક્યુમેન્ટનું લિસ્ટ પણ તેઓ આપશે. પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીએ એનાથી ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા કરી પણ શ્રી કિરણભાઈ પંચોલીનું મંતવ્ય એવું હતું કે ૧૨ -એ સિર્ટીફીકેટ લેવું હિતાવહ છે.

<u>એજન્ડા નંબર ૬ / ૭</u> :- <u>પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો.</u>

પ્રમુખશ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રીએ કોઇ પણ સભ્યની રજુઆત હોય તો જણવવાકહ્યું ,કોઈ સભ્યનો પ્રતિસાદ ના મળતા , તેમણે આ એજન્ડામાં આપણી સંલગ્ન સંસ્થાના રિપોર્ટ તેમજ આવનારા વર્ષમાં કરનાર કાર્યની સમીક્ષા કરતા હોય ,શરૂઆત-

➢ પંચોલી નવયુગથી કરી અને તેના તંત્રી શ્રી દિનેશભાઇ મિસ્ત્રીને નવયુગની હાર્ડ કોપી ક્યારથી શરુ કરશો એવું પુછતાં હાલની પરિસ્થિતિ સુધરતાં - લોકડાઉન પૂર્ણ થતા શરુ કરીશું અને દરેક સભાસદને નવયુગને ભૂલશો નહિ થોડું થોડું દાન આપતા રહો તેવું જણાવ્યું. વેલકમ ૨૦૨૧ ના નવયુગ અંકમાં પણ મોટા એકમમાંથી જાહેરાત આ વર્ષે ઓછી મળી છે તો ઘટતું કરશોજી.

➢ તબીબી સહાયના અધ્યક્ષશ્રી ડો.વિસ્મય મિસ્ત્રી અને મંત્રીશ્રી પારસ મિસ્ત્રી દ્વારા વર્ષ દરમિયાન કરેલ કામગીરી નો અહેવાલ આપ્યો અને આ વર્ષે આર્થિક રીતે નબળા સભ્યોને કોવીડની ટ્રીટમેન્ટમાં જરૂરી સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું. સુરત મુકામે સુરત જનરલ હોસ્પીટલ ખાતે રૂ. ૯૦૦૦.૦૦ સુધીની મદદ કરવામાં આવે છે તેના માટે સુરતના શ્રી જતીન આર.પંચોલી - 96384 44774 તથા શ્રી ચંદ્રકાંતભાઇ રૂવાલા - 98980 95562 સુરત તેઓનો સંપર્ક કરવા વિનંતી.

➢ મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતી શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી એ દરેક એકમને નવીન પ્રકારના કાર્યક્રમ કરવાની તથા વધુ પ્રોગ્રામ કરવાની રજુઆત કરી હતી. એમના જણાવ્યા મુજબ ૧૫ એકમમાંથી ફક્ત ૫ એકમો જ કાર્યરત છે અને કોવીડ મહામારી દરમ્યાન પણ તેમણે કાર્ય કર્યું જે અભિનંદન ને પાત્ર છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે તેમણે કરેલ કાર્ય મુજબ તેમાંથી A અને B કેટેગરી માં પ્રથમ અને દ્વિતિય સ્થાન નીચે મુજબ આપ્યુ છે દરેક વિજેતા મંડળને રોકડ ઇનામો આપી સન્માન્યા હતા.

કેટેગરી- A પ્રથમ:- તેજસ્વીની મહિલા મંડળ- વડોદરા

દ્વિતિય :- ભગીની સમાજ મહિલા મંડળ- રાજપીપળા

કેટેગરી- B પ્રથમ :- પંચોલી મહિલા મંડળ- અંકલેશ્વર

➢ સ્વ .સી .ટી .મિસ્ત્રી સ્મારકનિધિના અધ્યક્ષ શ્રી ધવલ પંચોલીએ જે શૈક્ષણિક સહાય આપવામાં આવી તેની વિસ્તૃત માહિતી આપી અને દરેક અરજી કરનાર વિદ્યાર્થીઓને મદદ કરવાની રજુઆત કરી, તેમજ આ વર્ષે કદાચ ફી બેંકમાં ભરવામા આવશે તેની બેન્કની સ્લીપને માન્ય રાખવાની ચર્ચા કરી. ડીજીટલી આવેલ અરજી પણ માન્ય રાખવામાં આવશે ડિજીટલી આવેલ અરજી, અનુકૂળ સમય મુજબ તેની હાર્ડ કોપી મોકલવાની રહેશે.

સ્વ.અ.સૌ.ભગવતીબેન તથા સ્વ .મણીલાલ ભૂલાભાઇ પંચોલી પ્રોત્સાહક ફંડના દાતાશ્રી કિરણભાઈ મણીલાલ પંચોલી તરફથી એપ્રિલ-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ દરમ્યાન પંચોલી નવયુગમાં આવેલ નામમાંથી શ્રેષ્ઠ વિદ્યાર્થી - શ્રી હર્ષ રાજેશ પંચોલી-સુરત, તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીની કુ .દિશા દેવાંગ પંચોલી-વડોદરાને દાતાશ્રી કિરણભાઈ મણીલાલ પંચોલીની ડીજીટલી ઉપસ્થિતમાં વિદ્યાર્થીઓના વાલીને પ્રમુખશ્રી તરફથી વર્ચુઅલ ચેક આપવામાં આવ્યો.

➢ સ્વયં યુવા સંગઠનના કોઓર્ડીનેટર શ્રી પ્રણવ એમ.પંચોલીએ વર્ચુઅલ મિટિંગ ,તેમજ અધ્યક્ષા શ્રીમતી મૃદુતા પ્રતિક મિસ્ત્રી-પંચોલી ના આપેલ સંદેશ મુજબ સુરત સ્વયં એકમ અને સ્વયં ઉડાન -૩ ની તૈયારી કરી રહેલ છે તે જ પ્રમાણે અંકલેશ્વર એકમ વર્ચુઅલ આકાંક્ષા પ્રોજેક્ટ ઉપર વિચારણા કરી રહેલ છે.

➢ મહામંત્રી શ્રી એ વધુમાં દરેક એકમના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તેમજ દરેક જવાબદાર હોદ્દેદારો ને વિનંતિ કરી કે તમે સહાય માટેના ફોર્મ ઉપર જયારે સહી કરો છો ત્યારે એ ચોક્કસ ધ્યાન આપશો કે સહાય લેનાર ખરેખર જરૂરિયાતમંદ છે, વિધવા નિરાધાર સહાય ના ફોર્મ તારીખ ૩૦-૦૬-૨૦૨૧ સુધી સ્વીકારવામાં આવશે. ડિજીટલી આવેલ અરજી,અનુકૂળ સમય મુજબ તેની હાર્ડ કોપી મોકલવાની રહેશે. વિધવા નિરાધાર સહાય માટે કરવામાં આવેલ દરેક અરજી કરનારને આપણે મદદ કરીએ છીએ, ગયા વર્ષે પણ જે વિધવા બેનોએ અરજી કરવાની રહી ગઇ હતી તેમને કોન્ટેકટ કરીને જણાવ્યું હતું.વ્યારાથી શ્રી ભરતભાઈ સી.પંચોલીના મત મુજબ આપણા ઘણા બધા દાન વ્યાજ વપરાશ હોય અને હાલમાં વ્યાજ સારું આવતું હોય તો તેનો પુરેપુરો ઉપયોગ થાય તેવી ઇચ્છા પ્રગટ કરી જેને પ્રમુખશ્રી તરફથી યોગ્ય કરીશું તેવું જણાવી તેમની ઈચ્છાને માન આપી સ્વીકાર્યું હતું. જે તે એકમના હોદ્દેદારો -પ્રમુખ-મંત્રી ગયા વર્ષે જે વિધવાબેનો, નિરાધાર સભ્યએ

સહાય લીધી હોય તેમને કોન્ફર્મ કરશે અને તે વિગતો આપશો તે તમામ ને સહાય આપીશું.

આ મુજબ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થાઓએ ગત વર્ષ દરમિયાન કરેલ કામગીરીનો ટૂંકસાર આપી હાજર સભ્યોને માહિતગાર કર્યા.

શ્રી મહેશભાઇ મિસ્ત્રી નું સૂચન હતું કે આવનારી સામાન્ય સભા બે ત્રણ માસમાં ફિઝીકલી મળે તો સારું તેના સંદર્ભે પ્રમુખશ્રી એ પણ એજ અનુમોદન આપ્યું અને દરેક સંલગ્ન સંસ્થા ના હિસાબે સત્વરે આવી જાય તો આ શક્ય બનશે એવી આશા વ્યક્ત કરી.

<u>એજન્ડા નંબર ૮</u>:- <u>વૉટ ઓફ થેન્ક્સ ઉપપ્રમુખશ્રી</u>

ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પી. પંચોલીએ આજની ડિજીટલ ઓન લાઈન મિટિંગમાં હાજર દરેક સભ્યએ રવિવારની સવાર, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભામાં યોગ્ય વાતાવરણ બનાવી, સમાજ માટે યોગ્ય નિર્ણય લેવામાં સિંહફાળો આપ્યો તે બદલ સર્વેનો હૃદયપૂર્વક આભાર માન્યો. ડિજીટલ ઓન લાઇન મિટિંગના આયોજન અને ટેક્નિકલ સહકાર આપવા બદલ સો ફોસ ના ડાયરેકટર અને સુરત સમાજના સદસ્ય શ્રી પાર્થ મિસ્ત્રી નો મહામંડળ વતી આભાર વ્યક્ત કર્યો.

પ્રમુખશ્રી હેમંતભાઇ સી .મિસ્ત્રીએ સામાન્ય સભા પૂર્ણ થયાની જાહેરાત કરી.

નીશીકાંત બી.મિસ્ત્રી
મહામંત્રી, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સામાન્ય સભાની આ ડ્રાફ્ટ મીનીટ્સ માં હાજર રહેલ સભ્યો ને વિનંતી કે ઉપરોક્ત બાબતમાં કોઈપણ રજુઆત હોય તો મુદ્દાસર, લેખિતમાં પત્ર દ્વારા જ , મહામંત્રી શ્રીને જાણ કરવા વિનંતી. કોઈપણ સોસીયલ મીડિયા (સામાજિક નેટ વર્ક ઉપર ) મારફતે આવેલ રજૂઆતને ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેશોજી.

## શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
## સામાન્ય સભા-૧૬.૦૫.૨૦૨૧

શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાની વર્ષ ૨૦૧૯-૨૦ની (ઝુમ ઍપ્લીકેશન પર) ઑન લાઇન સામાન્ય સભા તા. ૧૬.૦૫.૨૦૨૧ના રોજ મહામંડળની મિટિંગ સાથે આયોજીત કરવામાં આવી જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

ઍજન્ડા - ૧ મિટિંગમાં હાજર રહેલ તમામ સભ્યોને આવકાર આપી સભાની શરૂઆત કરવામાં આવી. જેમાં મહામંડળના પ્રમુખશ્રીએ ઍજન્ડામાં સુધારો સુચવતા ઍજન્ડા-૨ તરીકે ગત સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરવા ભલામણ કરી હતી.

ઍજન્ડા-૨ : પં સ. સુ. યો.ના મંત્રીશ્રી રાજેશભાઇ ગાંધીએ વર્ષ ૨૦૧૮-૧૯ના સામાન્ય સભાની મિનીટસનું વાંચન કર્યુ હતું, જે ચર્ચા બાદ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.

ઍજન્ડા-૩ : શ્રી પંચોલી સેવા સમાજ સુરક્ષા યોજનાના ૨૦૧૯-૨૦ના હિસાબોને મંજુરી આપવા બાબત :- આ અંગે હેમંતભાઈએ જણાવ્યું કે ઍકાઉન્ટ બધાને વોટસઍપ પર મોકલી આપવામાં આવ્યા છે. ઍટલે કોઈપણ જાણકારી-સ્પષ્ટતાની જરૂર હોય તો પુછવા વિનંતી. આ અંગે થોડી ચર્ચા બાદ શ્રી ભરતભાઇ સી. પંચોલીએ રજુઆત કરતા જણાવ્યું હતું કે ટી.ડી.ઍસ. ની રકમ પાછલા કેટલા વર્ષોથી ખેચાતી આવે છે જો ઍ પાછા મળવાના ના હોય તો માંડવાળ કરવા જોઈએ, આપણે ક્યાં સુધી આવી રકમ ઉભી રાખવી ? જે બાબતે હેમંતભાઈએ તથા ઉમેશભાઇએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે આપણા સી.ઍ.શ્રીની સુચના મુજબ આ રકમ ઍટલીસ્ટ ૬ વર્ષ સુધી ખેચવા જરૂરી છે જો ત્યાં સુધીમાં રીફંડના મળે તો રકમ માંડવાળ કરવા વિચારી શકાય. જો હાલમાં રકમ માંડવાળ કરીએ અને પછી રીફંડ આવે તો ઍન્ટ્રીની પણ તકલીફ થાય. શ્રી કિરણભાઈએ જણાવ્યું કે આ માત્ર ઍન્ટ્રીનો અને આપણે સમજવાનો પ્રશ્ન છે આનાથી કોઇ મોટો ફરક પડતો નથી. નવિનભાઇ સી.

પંચોલીએ જણાવ્યું કે આ ટી.ડી.એસ.ની રકમ મહામંડળની છે પણ ખોટી રીતે સમાજ સુરક્ષા યોજનામાં ઉધારી દેવાય છે, જેની સામે મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇએ સખત વાંધો ઉઠાવતા કહ્યું હતુ કે આપશ્રી પહેલા સંપૂર્ણ તપાસ કરો પછી જ સ્ટેટમેન્ટ આપો, આપની વાત સંપૂર્ણ ખોટી છે, શ્રી ઉમેશભાઇએ પણ વિરોધ નોંધાવતા જણાવ્યું કે આ રકમ વર્ષોથી સમાજ સુરક્ષામાં બોલે છે. અને ફીગર તેની જ છે., શ્રી ભરતભાઇએ પણ અસંમતી દર્શાવતા જણાવ્યું કે મારા માનવા મુજબ ટી.ડી.એસ. સમાજ સુરક્ષાનો જ છે જો નથી તો તમોએ એકાઉન્ટ બનાવતી વખતે વિરોધ કેમ ના કર્યો, અંતે આ રકમ હાલમાં ચાલુ રાખવાનો નિર્ણય કરાયો, શ્રી ભરતભાઇએ જણાવ્યું કે સમાજ સુરક્ષામાં બેન્ક એફ.ડી. કરતા વધુ વ્યાજ મળે છે, તથા સદર સંસ્થા સભ્યોની સેવા કરવા માટે જ બનાવવામાં આવી હતી, હાલની પરિસ્થિતિ જોતા ઘર દીઠ ૫ -૬ સભ્યો હોય તો ૩૦૦૦ હજાર જેટલી રકમ કાઢવી મુશ્કેલ બને છે. માટે આપણે આજ સુધી જમા થયેલ વ્યાજ તથા ફાળો ધ્યાને લઇ પૈસા વાપરવા જોઇએ અને જે ૫ રૂા. વહીવટ ચાર્જ લઇએ છીએ તે ઉપરાંત પણ વધુ સહાય આપવા રજુઆત કરી.

શ્રી હેમંતભાઇએ ચર્ચાની શરૂઆત કરતા જણાવ્યું કે કોઇ પણ સભ્ય પોતાના વિચારો રજુ કરે તે પહેલા સમાજ સુરક્ષા બાબતે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લે.

